ગાંધીનગર સમાચાર
તા. ૨૯-૫-૨૦૧૪, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી....

### પ્રધાનમંત્રીનો પ્રથમ દિવસ

'મિનિમમ ગવર્નમેન્ટ ઍન્ડ મૅક્સિમમ ગવર્નન્સ'ના સિદ્ધાંત પર ચાલવા માગતા ભારતના નવા કર્ણધારે પહેલા જ દિવસે પોતાની સરકાર એ કામ કરતી સરકાર છે, એવી પ્રતીતિ કરાવીને કરોડો મતદાતાઓએ એમના નેતૃત્વમાં મૂકેલા વિશ્વાસને સાકાર કરવાનો પ્રયાસ કર્યો છે. નરેન્દ્ર મોદી એવા પહેલા વડાપ્રધાન છે, જેમની સરકારે પહેલા જ દિવસથી પાડોશી રાષ્ટ્રોના સ્વનિયુક્ત નેતા તરીકે બધા જ નેતાઓને પરસ્પર વચ્ચેના વિવાદોને વખત પૂરતા વેગળા રાખી નવી દિશામાં પહેલ કરવાની પ્રેરણા આપી છે. વિદેશમંત્રી સુષ્મા સ્વરાજે પત્રકારો સમક્ષ વડાપ્રધાનની આ 'પહેલ' કરવાની બાબતનો ખુલાસો કર્યો છે. મોદીએ તમામ સાર્ક નેતાઓનું ધ્યાન એ મુદ્દા તરફ ખેંચ્યું કે આપણે દક્ષેશ રાષ્ટ્રોનું સંગઠન કરીને વિશ્વમાં એક મજબૂત તાકાત તરીકે ઊપસી શકીએ એમ છીએ. કમનસીબે અત્યાર સુધીના 'સાર્ક'ના ઈતિહાસમાં આવી તાકાત ઊભી કરી શકાઈ નથી. મોદી પાસે નવા વિચારોનો અઢળક ખજાનો છે અને હવે તો એમના અમલીકરણ માટે જરૂરી એવી સત્તા પણ છે. સુષમા સ્વરાજ જેવાં મહત્વાકાંક્ષી મહિલા અત્યાર લગી એમનાથી રિસાયેલાં રહેતા હોવાનું સર્વવિદિત છે. મોદીએ એમને વિદેશ જેવું મહત્વપૂર્ણ ખાતું આપીને રાજી કરી દીધાં છે અને હોદ્દો સંભાળતાંની સાથે તેઓ મોદીની પ્રશંસા કરવા લાગ્યાં છે. સાર્ક દેશોના નેતાઓ સાથે વ્યાપાર સંબંધો વધારવાના પ્રયાસોને સાર્વત્રિક આવકાર મળી રહ્યો છે. મોદીએ પાક. વડાપ્રધાનને એમના આગવા અંદાજમાં સંભળાવી દીધું છે કે બૉમ્બ ધડાકાના ઘોંઘાટમાં આપણને એકમેકની વાતચીતનો અવાજ સાંભળવામાં તકલીફ પડશે. અર્થાત્ પાકિસ્તાન હવે એની આતંકવાદી પ્રવૃત્તિ બંધ કરે એ જરૂરી છે, એ સિવાય વાતચીત કે સંવાદ આગળ વધી શકે નહીં. લોકસભાની ચૂંટણી હારી ગયેલા અરુણ જેટલીને નાણાં અને સંરક્ષણ જેવાં બે મહત્વનાં ખાતાં અને બારમું પાસ 'ટીવીની વહુ'ને બારોબાર માનવ સંસાધન જેવું બૌદ્ધિક ખાતું સોંપવાના આક્ષેપો વચ્ચે સત્તારૂઢ થયાના પહેલા જ દિવસે બોલાવેલી કૅબિનેટની બેઠકમાં સૌથી પહેલો નિર્ણય લેવાયો તે કાળાં નાણાંની ગહન તપાસ માટે 'સ્પેશિયલ ઈન્વેસ્ટિગેટિંગ ટીમ'-ઍસઆઈટી-ની રચના વિશેનો છે. સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયધીશ ઍમ.બી.શાહ આ 'સીટ'ના અધ્યક્ષ રહેશે. ઍમ.બી.શાહ ગુજરાતી છે, અમદાવાદમાં જ રહે છે અને મોદી સામેની તપાસ પણ અનુકૂળતાપૂર્વક કરી ચૂક્યા છે! ગુજરાત રાજય કાયદા પંચના પણ તેઓ વડા છે. ટૂંકમાં બાબા રામદેવ હવે કાળાંનાણાંના મુદ્દે મોદીનું માથું નહીં ખાઈ શકે. મોદીએ એમને 'સીટ'ના સદસ્ય પણ નથી બનાવ્યા, એટલે એ આપોઆપ હાંસિયે ધકેલાઈ ગયા છે. પહેલા જ દિવસે મોદી મંત્રીમંડળના જમ્મુ અને કાશ્મીર રાજયના પ્રતિનિધિ ડૉ. જિતેન્દ્રસિંહે જમ્મુ-કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી કલમ ૩૭૦ વિશે સમીક્ષા કરવાનો મુદ્દો છેડ્યો છે, જેનો કાશ્મીર ખીણના મુસ્લિમ નેતાઓએ એકી અવાજે પ્રતિકાર કર્યો છે. ભારતીય જનતા પાર્ટીના ચૂંટણી ઢંઢેરામાં કલમ ૩૭૦નો મુદ્દો એક મહત્વનો સંવેદનશીલ મુદ્દો છે. મોદીએ જમ્મુ વિસ્તારમાં રેલી કરતી વખતે પણ આ મુદ્દે ખુલ્લા દિલથી ચર્ચા થવી જરૂરી હોવાનું જણાવ્યું હતું. ડૉ. જિતેન્દ્રસિંહ જમ્મુમાંથી ચૂંટાઈને સીધા જ વડાપ્રધાન કાર્યાલયના રાજયકક્ષાના મંત્રી બન્યા છે. તેઓ સુપેરે જાણે છે કે ૩૭૦ કેટલી સંવેદનશીલ બાબત છે. જમ્મુ-કાશ્મીરને ભારત સાથે જોડનારી આ કલમને હાથ લગાડતાં આખું કાશ્મીર ભડકે બળે એમ છે. આ કલમ હાટવતાં જ જમ્મુ અને કાશ્મીર ભારતથી અલગ પડી જશે, એવી ચીમકી પણ અપાઈ છે. નેશનલ કૉન્ફરન્સના વડા અને વર્તમાન મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લાના પિતા ડૉ. ફારુક અબ્દુલ્લાએ ચૂંટણી ટાણે જ આ મુદ્દે મોદીને પડકાર્યા હતા. હવે એ જ મુદ્દે ઉમર અબ્દુલ્લા અને એમના કટ્ટર વિરોધી પીડીપીનાં અધ્યક્ષા મહેબૂબા મુફ્કી એકી એવાજે કેન્દ્ર સરકારના વલણનો વિરોધ કરી રહ્યાં છે. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના પ્રવક્તા રામ માધવ પણ કલમ ૩૭૦ની નાબૂદી માટે સંઘ કૃતસંકલ્પ હોવાની વાત કરે છે. સંઘના વડા મોહન ભાગવત આ મુદ્દે કાશ્મીરના મુસલમાનો સાથે ચર્ચા કરવાના પક્ષમાં છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે પહેલા જ દિવસે કેટલાક પડકારો પણ ઊભા થયા છે, પરંતુ પડકારોને તકમાં ફેરવવાનો કીમિયો જાણનાર નેતા એથી પારોઠનાં પગલાં ભરવા તૈયાર થાય એ વાતમાં માલ નથી. શિવસેનાના કવોટામાં મંત્રીમંડળમાં સ્થાન પામેલા અનંત ગીતે એમને ફાળવાયેલ અણગમતું ખાતું સંભાળવા મને-કમને તૈયાર થઈ ગયા તે જ શું સૂચક નથી?

# હવે શાળાના બાળકો પણ નમોના પાઠ ભણશે

## નરેન્દ્ર મોદીની ચા વાળાથી લઈને વડાપ્રધાન પદ સુધીની અસામાન્ય જીવનયાત્રાને અભ્યાસક્રમમાં સમાવવા દરખાસ્ત કરાશે

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાતના લોકલાડીલા નરેન્દ્ર મોદી દેશના વડાપ્રધાન બનતા જ સમગ્ર રાજ્યમાં આનંદનું મોજું ફરી વળ્યું છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના યશસ્વી જીવનની સંઘર્ષકથા હવે આવનારા દિવસોમાં રાજયના બાળકોને સંસ્કાર સિંચનના ઉપયોગમાં આવે તે હેતુથી ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા પાઠ્ય પુસ્તકોમાં તેનો સમાવેશ કરવાની કવાયત શરૂ કરી દેવાઈ છે.

નરેન્દ્ર મોદીને ઘણા યુવાનો પોતાનો આદર્શ માની રહ્યા છે અને તેમની અનન્ય કાર્યક્ષમતા તેમજ અદ્ભૂત પ્રતિબદ્ધતા ઉપરાંત અનેક મુશ્કેલીઓ આવે છતાં ક્યારેય નહી ડગવાની અડીખમ હિંમતને કારણે તેઓ યુવાનોના રોલ મોડેલ બની ગયા છે. ગુજરાતના પાડોશી રાજ્યો રાજસ્થાન અને મધ્યપ્રદેશની ભાજપ સરકારો દ્વારા તેમના રાજ્યમાં પાઠ્ય પુસ્તકોમાં નરેન્દ્ર મોદીની જીવનકથાનો સમાવેશ કરાયો છે. તેનાથી પ્રેરિત થઈને હવે ગુજરાત સરકાર દ્વારા પણ આ બાબતે પગલા લેવાનું ચાલુ કર્યુ છે. ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા હવે નરેન્દ્ર મોદી અંગેનું પ્રકરણને પાઠ્ય પુસ્તકમાં સમાવેશ કરવા માટે મંજુરી લેવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

શિક્ષણ વિભાગના સુખ સંબંધે આ બાબતે એક દરખાસ્ત તૈયાર કરાઈ હોવાની માહિતી આપતા જણાવ્યુ હતું કે એક સામાન્ય ચા વેચવાવાળાથી શરૂ કરીને દેશના વડાપ્રધાન પદે પહોંચનાર નરેન્દ્ર મોદી બાળકો માટે એક આદર્શ પુરૂષ બની શકે છે. માટે તેમના જીવનને અભ્યાસક્રમમાં આવરી લેવાનું વિચારવામાં આવ્યું છે.

## હરિની દૃષ્ટિ...




સાહેબ, આપણે કાળા નાણાંને વ્હાઇટ કરવાનો કોન્ટ્રાક્ટ લઇ લઇએ તો કેવું ?



ગુજરાત યુવા ભારતીય જનતા પાર્ટીના અનુસૂચિત જાતિ સેલના ગુજરાત પ્રદેશના કન્વીનર દેવેનભાઈ રતીલાલ વર્માએ આનંદીબહેન પટેલને ગુજરાતના મુખ્યમંત્રી પદની નિયુક્તી બદલ પુષ્પ ગુચ્છ અર્પણ કરીને અભિનંદન પાઠવ્યા હતા.

# શિક્ષણની સાથે વ્યક્તિ ઘડતરની જવાબદારી પણ પ્રાથમિક શિક્ષક નિભાવે : ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

## ૨૦૦૦ ઉમેદવારોને વિદ્યાસહાયક તરીકે નિમણૂક પત્રો અપાયા

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાતના રાજય -ાથમિક શિક્ષણ પસંદગી સમિતિ દ્વારા પીટીસીની લાયકાત ધરાવતા ૨૦૦૦ ઉમેદવારોને શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાના હસ્તે અને રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રી નાનુભાઈવાનાણીની ઉપસ્થિતિમાં વિદ્યાસહાયક તરીકે ધોરણ ૧ થી ૫ માટે નિમણૂંક પત્રો આજે ગાંધીનગર ખાતે એનાયત કરવામાં આવ્યા હતા.

પી.ટી.સી. -વેશ કાર્યાલય ખાતે યોજાયેલા નિમણૂંક પત્ર એનાયત કાર્યક્રમમાં શિક્ષણ મંત્રીશ્રી ચૂડાસમાએ શુભેચ્છા આપતાં જણાવ્યું હતું કે નવ નિયુકત ઉમેદવારો શિક્ષણની સાથે બાળકના સંસ્કાર સિંચન અને ઘડતરની જવાબદારી નિભાવે તે ખૂબ જ જરૂરી છે. સમાજમાં ચારિત્રવાન વ્યકિત નિર્માણ કરવામાં -ાથમિક શિક્ષકની ભૂમિકા ખૂબ જ મહત્વની છે. વર્તમાન રાજય સરકારે ૧૯૯૮થી અત્યાર સુધીમાં અંદાજિત ૧.૫૦ લાખથી વધુ વિદ્યાસહાયકની કેન્દ્રીયકૃત પારદર્શક ભરતી મેરીટના આધારે કરી છે. બાળક જીવન પર્યંત પોતાના ગુરૂ તરીકે -ાથમિક શિક્ષકને જ યાદ રાખે છે. મંત્રીશ્રીએ નવ નિયુકત શિક્ષકોને શાળામાં શિક્ષણ આપવાની સાથે સાથે ઉચ્ચ અભ્યાસ કરી યુ.પી.એસ.સી. અને જી.પી.એસ.સી. જેવી સ્પર્ધાત્મક પરીક્ષા પાસ કરી ઉચ્ચ જગ્યાઓ પર નિમણૂક પામે તે બદલ શુભેચ્છાઓ પણ પાઠવી હતી.

મંત્રીશ્રી નાનુભાઈવાનાણીએ કહયું હતું કે શિક્ષણ ક્ષેત્રમાં પદાર્પણ કરીને તેને માત્ર એક આજીવિકા તરીકે નહી પણ શિક્ષકે બાળ ઘડતરની ભૂમિકા નિભાવવાની છે. આપણા નવનિયુકત લોક-િય વડા-ધાનશ્રી નરેન્દ્રભાઈમોદીની અપેક્ષા -માણે શ્રેષ્ઠ નાગરિક તૈયાર કરવાનું કાર્ય આપણે સૌ સાથે મળીને કરવાનું છે. મંત્રીશ્રીએ પસંદગી પામેલા ઉમેદવારોને સફળ કારકીર્દી માટે શુભેચ્છાઓ આપી હતી.

પસંદગી સમિતિના અધ્યક્ષશ્રી આર.સી. રાવલે સ્વાગત -વચન કરતાં જણાવ્યું હતું કે -ાથમિક વિભાગમાં ધોરણ-૧ થી ૫ માં રાજયના ૧૫ જિલ્લાઓમાં પી.ટી.સી.ની લાયકાત તેમજ ટેટ પાસ ૨૦૦૦ વિદ્યા સહાયકોની આજે સંપૂર્ણ પારદર્શક રીતે ભરતી -ક્રિયા યોજવામાં આવી છે. જે તાલુકાઓમાં શિક્ષકોની ઘટ છે તેવા તાલુકાઓને -થમ પસંદ કરવામાં આવ્યા છે. જેથી કરીને નવા શૈક્ષણિક સત્રથી શૈક્ષણિક કાર્યની સારી રીતે -રંભ કરી શકાય. આજે જિલ્લા પસંદગી કર્યા બાદ જે તે જિલ્લા ખાતેથી મેરિટ મુજબ તાલુકાની શાળાની પસંદગી કરી શકાશે, તેમ પણ તેમણે જણાવ્યું હતું.

# ગુજરાતમાં વિજ્ઞાન પ્રવાહના સ્નાતકમાં કેન્દ્રીય ધોરણે પ્રવેશ અપાશે

ગાંધીનગર, તા. ૨૮

રાજયમાં વિજ્ઞાન -વાહના વિદ્યાર્થીઓના -વેશનું -માણ ઉત્તરોત્તર વધી રહયું છે. ત્યારે રાજયની વિવિધ કોલેજો અને યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓને બી.એસ.સી. (સ્નાતક વિજ્ઞાન -વાહ)માં સરળતાથી -વેશ મળી રહે તે માટે કેન્દ્રીયકૃત રીતે -વેશ કાર્યવાહી હાથ ધરવામાં આવશે એમ શિક્ષણ વિભાગના નાયબ સચિવશ્રીના ઠરાવ દ્વારા જણાવાયું છે.

ઠરાવમાં વધુમાં જણાવ્યાનુસાર રાજયમાં -ોફેશનલ અભ્યાસક્રમો માટેની -વેશ -ક્રિયા કેન્દ્રીય ધોરણે પારદર્શક, સુવિધાયુકત તેમજ અસરકારક રીતે કરવામાં આવી રહી છે. આ સમગ્ર -વેશ -ક્રિયા એડમીશન કમીટી ફોર -ોફેશનલ કોર્ષિસ (એ.સી.પી.સી.) ના સોફ્ટવેર દ્વારા હાથ ધરાય છે. વિજ્ઞાન -વાહમાં એ તેમજ એ-બી ગૃપના ઘણા વિદ્યાર્થીઓ -ોફેશનલ કોર્ષિસના -વેશ સાથોસાથ બી.એસ.સી.ના -વેશ માટે પણ અરજીઓ કરતાં હોય છે. જે માટે હાલ કોઈકેન્દ્રીય -વેશ પધ્ધતિ નહી હોવાથી દરેક વિદ્યાર્થીએ કોલેજ / યુનિવર્સિટી દીઠ અલગ અલગ અરજીઓ કરવી પડતી હોય છે.જે અસુવિધા યુકત અને ખર્ચાળ છે. જયારે -ોફેશનલ કોર્ષિસના -વેશ કાર્યવાહી કરી રહેલ એ.સી.પી.સી.ના સોફ્ટવેર સાથે આ બાબત સાંકળી લેવાઈછે.

આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫ થી રાજયમાં આવેલી તમામ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલતા બી.એસ.સી.ના અભ્યાસક્રમમાં યુનિવર્સિટી કક્ષાએ કેન્દ્રીયકૃત રીતે -વેશ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. યુનિવર્સિટી કક્ષાએ જેતે યુનિવર્સિટી એકટમાં મળેલ સત્તાની રૂએ સંબંધિત યુનિવર્સિટીઓએ આ રીતે -વેશ -ક્રિયા હાથ ધરવાની રહેશે. -વેશ -ક્રિયામાં રાજયની તમામ સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજોને સમાવવાની રહેશે. આ અંગેની સમગ્ર -વેશ -ક્રિયામાં ટેકનીકલ અને સોફ્ટવેર સપોર્ટ એડમીશન કમીટી ફોર -ોફેશનલ કોર્ષિસ પૂરા પાડશે. -વેશ પધ્ધતિ દ્વારા જે તે કોલેજમાં -વેશ આપવામાં આવેલ વિદ્યાર્થીઓના એનરોલમેન્ટની કાર્યવાહી દરેક સબંધિત યુનિવર્સિટીએ કરવાની રહેશે આ અંગે કોઈવિવાદ અથવા -ઁ ઉપસ્થિત થાય તે સંજોગોમાં રાજયસરકારનો નિર્ણય આખરી ગણાશે એમ વધુમાં જણાવ્યું છે.

## વલ્લભ વિદ્યાનગરની આદર્શ નિવાસી શાળામાં પ્રવેશની કામગીરી ચાલુ

આદર્શ નિવાસી શાળામાં વિના મૂલ્યે પ્રવેશ બાબતે આણંદ જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી નયના શ્રીમાળીએ એક અખબારી યાદીમાં જણાવ્યુ છે કે વલ્લભ વિદ્યાનગર ખાતે અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થીનીઓ માટે ધોરણ-૯ થી ૧૧ સામાન્ય પ્રવાહ સુધી વિના મૂલ્યે પ્રવેશની કામગીરી હાલ ચાલુછે. આદર્શનિવાસી શાળામાંપ્રવેશ મેળવનાર તમામ વિદ્યાર્થીનીઓને શાળામાં જ રહેવા જમવાની સુવિધા તેમજ ગણવેશ બુટમોજા અને પાઠય પુસ્તકો સરકાર દ્વારા વિના મૂલ્યે પુરા પાડવામાં આવે છે.

# માન્યતા પ્રાપ્ત ફાર્મસી કૉલેજોમાં જ પ્રવેશ લેવા અનુરોધ

ગાંધીનગર, તા. ૨૮

ધોરણ-૧૨ના પરિણામ આવ્યા બાદ ફાર્મસી વિદ્યાશાખામાં ડીપ્લોમા અથવા ડીગ્રીમાં -વેશ મેળવવા માટે વિદ્યાર્થીઓમાં ખુબ જ સ્પર્ધા થાય છે. ગુજરાત રાજય ફાર્મસી કાઉન્સિલ દ્વારા વાલી / વિદ્યાર્થીઓને જણાવવામાં આવે છે કે ફાર્મસી વિદ્યાશાખાના ડીપ્લોમા અથવા ડીગ્રી અભ્યાસક્રમમાં ગુજરાત અથવા ગુજરાત બહાર કોઈપણ કોલેજમાં -વેશ લેતા પહેલાં, આવી ફાર્મસી કોલેજને ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ માન્યતા આપેલ છે કે કેમ તેની ચકાસણી કરી લેવી અતિ આવશ્યક છે. ફાર્મસી કાઉન્સિલે મંજૂર કરેલી બેઠકો કરતાં વધારે વિદ્યાર્થીઓને -વેશ આપવામાંઆવે તો પણ અમાન્ય ગણાય છે.

વધુમાં ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા માન્યતા આપવામાં ન આવેલ હોય તેવી કોલેજમાંઅભ્યાસ કરનાર અથવા તો મંજૂર કરેલ બેઠકો કરતાં વધારે બેઠકો ઉપર -વેશ મેળવનાર અથવા સંબંધિત કોલેજમાં અભયાસ કરતાં વિદ્યાર્થીઓની પરીક્ષા ઓથોરીટી લેતી હોય તેને ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ માન્યતા નહી આપેલ હોય તો ઉપરોકત સંજોગોમાં ડીપ્લોમા અથવા ડીગ્રી મેળવનાર વ્યકિતઓને ફાર્મસીસ્ટ તરીકેનું રજીસ્ટ્રેશન કાયદાઅનુસાર મળવાપાત્ર નથી.

ગુજરાતમાં ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા માન્ય કોલેજોની યાદી ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની વેબ સાઈટ www.pci.nic.in ઉપર -સિધ્ધ કરવામાં આવેલ છે. તેમજ વધુ વિગતો માટે ગુજરાત રાજય ફાર્મસી કાઉન્સિલ, જુની નર્સીંગ કોલેજ બિલ્ડીંગ, સીવીલ હોસ્પિટલ કેમ્પસ, બ્લોક નં.૪/એ, ત્રીજો માળ, કેન્સર હોસ્પિટલ સામે ગેટ નં.૬, અસારવા, અમદાવાદ-૩૮૦૦૧૬ નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# ગુજરાતી ભાષાના પ્રથમ પત્રકાર, ગુજરાતીઓ અને નવી પેઢી જે માત્ર ચશ્મા વાપરે...

## વિચારોનાં મધુવનમાં

પ્રા. ડો. રાકેશ પટેલ

'ખુવાર કે પાયમાલ કરવાની મને ધમકી આપશો ના. હું એથી જરા પણ બ્હીશ નહીં. ખોદા કોઈને ભૂખો રાખતો નથી અને કકડો રોટલી પેદા કરી મારું પેટ ભરવાનું આ સાધન તો હજી મારી પાસે છે'- આ શબ્દો છે એક ગુજરાતી અખબારના સ્થાપક અને તંત્રીના. એ અખબાર તે આખા એશિયા ખંડમાં આજે પ્રગટ થતાં તમામ વર્તમાનપત્રોમાં સૌથી જૂનું એવું 'મુંબઈ સમાચાર.'

ફરદુનજી એટલે ગુજરાતી પત્રકારત્વના જનક. આપણી ભાષાના આદિ મુદ્રક, પ્રકાશક, લેખક, સંપાદક, અનુવાદક અને મરજીવા પત્રકાર. ફરદુનજીનો જન્મ સુરતમાં. પિતા પાસેથી ધાર્મિક ક્રિયાઓ, ગુજરાતી, ફારશી શીખ્યા. પંડિત પાસેથી સંસ્કૃત શીખ્યા. હકિમ પાસેથી વૈદક શીખ્યા. ૧૮૦૫માં એક લગ્ન પ્રસંગે મુંબઈ ગયા તે ગયા. બુક બાઈન્ડીગનો ધંધો શરૂ કર્યો ને પછી ને પછી પહેલ વહેલું છાપખાનું શરૂ કર્યું. પોતાનાં અને બીજાંનાં ચાળીસ પુસ્તકો પ્રગટ કર્યા. ૧૮૨૨ના જુલાઈની પહેલી તારીકે 'શ્રી મુમબઈ શમાચાર'નો પહેલો અંક પ્રગટ કર્યો. એ વખતે આખા મુંબઈ ઈલાકામાં બીજું એક અખબાર 'બોમ્બે કુરિયર' પ્રગટ થતું. ... તો આ છે ગુજરાતી ભાષાનો અને ગુજરાતીઓનો ભૂતકાલિન જોસ્સો. છે આપણી નવી પેઢીમાં આવી મરજીવાને શરમાવે તેવી બડાશ?

ભારત-યુરોપીય ભાષા પરિવારની એક મહત્વની ભાષા ગુજરાતી પ્રત્યેક ગુજરાતીનાં મુખમાં સાહે છે. પણ શું તેનો પ્રવાહ પણ અન્ય લુપ્ત થતી ભાષાઓની જેમ સુકાઈ રહ્યો છે? તેના પ્રવાહમાં પણ અન્ય ભાષાઓની અશુદ્ધિઓ પ્રવેશીને તેની મીઠાશ બગાડી કાઢશે? આવા સવાલો પ્રત્યેક બૌદ્ધિક અને ભાષા પ્રેમીને થવા સ્વાભાવિક છે. કારણ કે જેટલા પણ જાહેર કાર્યક્રમો, માધ્યમો અને વ્યક્તિત્વો છે, તે બધા જ માતૃભાષાને કોઈને કોઈ રીતે ક્ષોભિત અને કસ વગરની બનાવતાં રહ્યા છે. આપણને દુઃખ થાય, કશુંક કહેવાનું મન થઈ આવે પણ છેવટે જેમ અંગ્રેજોનાં રાજમાં ક્રાંતિકારીઓને કાળાપાણીની સજા થતી અને જીવનભર કોઈની પણ સાથે બોલ્યા કે ફરીયાદ કર્યા વગર સજા ભોગવવાની તેમ ચૂપ રહેવાનું જાણે ફરજીયાત બની ગયું છે. કારણમાં કંઈ નહીં બસ અંગ્રેજી શીખ્યા વગર જીવનરથ અટકી પડવાનો ભય. બાળક પછાત રહેવાનો ક્ષોભ, બીજા બધાનાં બાળકો આગળ પહોંચી જશે અને મારું બાળક પાછળ રહી જશે તો? આવા ભ્રામક ખ્યાલોથી સમાજનો ઘણો વર્ગ અસરગ્રસ્ત છે. નામાંકિત અને મોટા શૈક્ષણિક મંડળો પણ બરાબર ધ્યાન રાખે છે કે ગુજરાતી માધ્યમ કસ વગરનું બનતું જાય છે તેથી સમયસર અંગ્રેજી માધ્યમ માટે આયોજન વિચારાતાં થઈ જાય છે. સંસ્થાને કોઈ રીતે નુકસાન ન થાય તે જોવાની અમારી જવાબદારી છે. સમાજ કે ભાષા પ્રત્યેની નિષ્ઠા તો પછી જોઈ જશે, એકાદ કાર્યક્રમમાં કોઈ મોટા ગુજરાતી કવિને બોલાવી લઈશું એટલે વાર્તા પુરી!- આવી મનોકામના સાથે જથ્થાબંધ અંગ્રેજી માધ્યમની શાળાઓ ખુલી રહી છે. કોઈને ખબર ન પડતાં આપણે અંગ્રેજીયતને પાછલાં બારણેથી માનભેર પ્રવેશ આપી રહ્યા છીએ. આપણા જ વડિલોએ, ક્રાંતિકારીઓએ જે વિચારને પકડીને અનેક કષ્ઠો સહન કર્યા તે જ બાબતોને આપણે સુધારાનાં નામે, પ્રગતિનાં નામે અને શ્રેષ્ઠ શિક્ષણનાં નામે માથે મુકીને આપણાં ક્રાંતિકારીઓને કોઈ રીતે અન્યાય કરી રહ્યા છીએ.

આપણને કદાચ ખબર નથી પણ ભાષા પ્રવાહ સાથે તેની સંસ્કૃતિનો પણ કાંપની જાણે અજાણે ખેંચાઈ આવે છે. આજે આખા જગતમાં દરેક દેશ પોતાની ભવ્ય સંસ્કૃતિનું ગૌરવ ગાન કરતો રહ્યો છે અને આપણે આપણાં ગૌરવનું હનન કરવા માટે જાણે ઉન્મત અને ઉત્સાહી બન્યા છીએ.

હવે થોડો આપણી ભાષાનો ઈતિહાસ પણ ઉપર ઉપરથી સુંઘી લઈએ. કારણ કે, માની સાથે રહેવાથી માની જાણકારી કદાચ નથી મળતી. કારણ કે સમીપતા અજ્ઞાનતાને ઉછેરે છે. આપણી ગુજરાતી ભાષાનું કુળ ભારતીય- આર્ય ભાષા છે. ઈ.સ. પૂર્વે ૬..થી ઈ.સ. ૧૦૦ સુધીમાં વેદકાલીન કથ્ય ભાષામાંથી પ્રાચીન પાલિ, અર્ધમાગધી અને અશોકના શિલાલેખોની ભાષા ઉદ્ભવી. પ્રાકૃતિક વિશિષ્ટતાને લીધે જુદાં જુદાં નામે ઓળખાતી શૌરસેની, મહારાષ્ટ્રી અને માગધી જેવી પ્રાકૃતોનો સમય ઈ.સ.ના બીજા શતકથી છઠ્ઠા સુધીનો ગણાય. પ્રકૃતોનો સ્વાભાવિક ક્રમે થયેલો વિકાસ તે અપભ્રંશ, તેનો સમય છઠ્ઠાથી દશમા શતકનો છે.

પ્રાપ્ત હસ્તપ્રત સાહિત્યના આધારે ગુજરાતી ભાષાના વિકસતા સ્વરૂપના વિવિધ તબક્કાઓની લાક્ષણિકતાઓને ધ્યાનમાં રાખી ત્રણ યુગ પાડવામાં આવ્યા છે. ઈ.સ. દસમાં-અગિયારમાં શતકથી ચૌદમાં શતક સુધીનો. તેની ભાષાનું નામ અપભ્રંશ કે પ્રાચીન ગુજરાતી. તેને ભાષાવિદ્ નરસિંરાવે અંતિમ અપભ્રંશ અથવા ગુર્જર અપભ્રંશ નામ આપ્યું. ગુજરાતી ભાષાના આ યુગને ગોવર્ધનરામે ગર્ભદાનો સમય કર્યો છે. (૨) પંદરમા શતકથી સત્તરમાં શતક સુધીનો બીજો યુગ તે જૂની ગુજરાતી અથવા મધ્યકાલિન ગુજરાતીનો. (૩) અર્વાચીન ગુજરાતીનો. તેનો પ્રારંભ સત્તરમાં સૈકાની શરૂઆતથી. આ સમયમાં જ 'ગુજરાતી ભાષા' એવું નામ પ્રેમાનંદે આપ્યું. તે પહેલા ભાલણે 'ભાષા' કે 'ગુર્જરભાષા' જેવો શબ્દ પ્રયોગ વાપર્યો છે. અને તે જ ભાષાને પદ્મનાભ અને અખાએ 'પ્રાકૃત' શબ્દથી ઓખાવેલી.

આપણે ગુજરાતીઓ કાર્યદક્ષ અને ફાયદાવાદી પણ ખરા. પણ પછી તે ફાયદો લાંબાગાળે નુકસાન અને ન વેઠી શકાય તેવા ઘાવ આપનારો હોય તો કેટલાક વિચારકોએ અને કર્મશીલોએ તો આગળ આવવું જ રહ્યું.

ઘણા દેશોમાં હવે અંગ્રેજી માધ્યમનાં લખાયેલાં અભ્યાસક્રમનો જે તે દેશની ભાષામાં અનુવાદીત કરી અભ્યાસમાં લેવાય છે. કારણ કે, માતૃભાષામાં લેવાતું શિક્ષણ વિદ્યાર્થીમાં આત્મવિશ્વાસની સરવાની જન્માવે છે. તેની જન્મકુંડળી કંઈ પણ હોય માતૃભાષા તેને છેક આકાશે પહોંચાડી દે છે.

આપણી નવી પેઢીને કદાચ એ ખબર નથી કે પહેલાંના સમયમાં કશું પણ મેળવવું કેટલું કઠીન હતું. પાણી પણ ડોલ કે ઘડાથી કુવામાંથી મેળવવાનું. તે જ રીતે જ્ઞાન પણ કયાંયથી મેળવવું પડતું. એકદમ શાળામાંથી મળી જતું નથી. ગાઈડની સેવા તો મોડી શરૂ થઈ. નવી પેઢી જે માત્ર ચશ્મા વાપરે છે પણ જો નજરને તેજ નહીં બનાવે તો ચશ્માની કિંમત પણ વાળી નહીં શકે. હવે તો શ્રેષ્ઠથી નીચું કશું ખપે નહીં. આટઆટલી સગવડો અને સુવિધાઓ આપણી આસપાસ આંટા મારતી હોય અને તેમાંથી માત્ર પરીક્ષા કે દૈનિક જીવનમાં ઉપયોગી હોય એટલું જ જો આપણે લઈએ તો આપણી એ મર્યાદા છે.

ભલે આપણી ટબુડી નાની હોય પણ બીજા માટે એક બીજું વાસણ ભરવામાં જાય શું? સમૃદ્ધ દેશો કેમ આગળ છે? કારણ તેમની પાસે સૌથી વધુ સમૃદ્ધ કાર્યશૈલી અને ગતિશીલ શિક્ષણ પ્રણાલી છે. કોઈ ગામની સમસ્યા સાથે ગામની જ શાળા કોઈ ઘરોબો ધરાવતી નથી તો પછી તે ગામને તે શાળા પોતીકી કેવી રીતે લાગશે? સમસ્યાઓ વચ્ચે રહેવાથી સમસ્યાઓ વધે પણ સમસ્યાઓને ઓળખી લઈને તેને બરાબર સમજીને ઉપાયો યોજવાની ઘણું શકય બને છે. નવી પેઢી તેમના મન-બુદ્ધિને સમાજની સમસ્યાઓમાં ખપાવી દેવાની તૈયારી રાખવી જરૂરી છે. તો જ આ મહાન દેશ પોતાની ઓળખ ટકાવી શકશે.

'ખુવાર કે પાયમાલ કરવાની મને ધમકી આપશો ના. હું એથી જરા પણ બ્હીશ નહીં. ખોદા કોઈને ભૂખો રાખતો નથી અને કકડો રોટલી પેદા કરી મારું પેટ ભરવાનું આ સાધન તો હજી મારી પાસે છે'